દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫

# દિલ્હી હંમેશા માટે પ્રદૂષણમુક્ત થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ

પ્રદૂષણ એક સૌથી વધુ જટિલ અને ગંભીર સમસ્યા છે છતાં ભારત તેના માટે જરાયે ચિંતિત નથી. હાલમાં જ મળેલા શિયાળુ સત્રમાં લોકસભા અને રાજ્ય સભામાં સર, વંદે માતરમ સહિતના અનેક વિષયો પર કલાકો સુધી ચર્ચા કરવામાં આવી પરંતુ પ્રદૂષણ જે સૌથી જટિલ સમસ્યા છે તેના પર કોઇ જ ચર્ચા કરવામાં નહીં આવી. આપણો જ દેશ એવો છે જેના ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકસભા અને રાજ્યસભામાં ભવિષ્યની ચિંતાને બદલે ભૂતકાળમાં બનેલી ઘટનાઓ પર ચર્ચા કરવામાં સમય પસાર કરી નાંખે છે. વર્ષ 2013માં ચીને પ્રદૂષણ કટોકટી જાહેર કર્યું હતું. અને રાષ્ટ્રીય સ્વચ્છ હવા માટે કામગીરીની શરૂઆત કરી હતી. એર ક્વોલિટી ઇન્ડેક્સ મોનિટરિંગ (Air Quality Index Monitoring) ને મજબૂત બનાવવાની દિશામાં કામગીરી કરવામાં આવી. કોલસા (Coal) નો ઉપયોગ સંપૂર્ણ ટાળવામાં આવ્યો હતો. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો જ્યાં ગેસ (Gas) નો અભાવ હતો. તેવા વિસ્તારોમાં કોલસા હટાવીને ગેસ અને ઇલેક્ટ્રિક સગડી (Electric fireplace) નો વિકલ્પ આપવામાં આવ્યો હતો. સ્થાનિક અધિકારીઓ પર લક્ષ્યને પૂર્ણ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને PM2.5 સ્તર ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ચીને વાહનોના ઉત્સર્જન પરના નિયંત્રણો કડક કર્યા છે. નવા ઇંધણ અને વાહન ધોરણો લાગુ કરવામાં આવ્યા હતા. જાહેર પરિવહનમાં પણ સુધારો કરવામાં આવ્યો હતો. જેથી લોકો ખાનગી વાહનોને બદલે બસો અને મેટ્રોનો ઉપયોગ કરે. ખાનગી કારની સંખ્યા પણ નિયંત્રિત કરવામાં આવી હતી આ પ્રયત્નોથી પ્રદૂષણ પર કાબૂ મેળવી શકાયો હતો. જો કે, આપણા દેશમાં પ્રદૂષણ કાબૂમાં લેવા માટેના કોઇ જ નક્કર પગલાં ભરવામાં આવતા નથી. થોડા દિવસ પહેલાની જ વાત કરીએ તો સવારે 6 વાગ્યે, દિલ્હીના અનેક AQI મોનિટરિંગ સ્ટેશનોમાં AQI 400 થી ઉપર નોંધાયો હતો. તેમાં આનંદ વિહારનો AQI 442, કરણી સિંહનો 423, દ્વારકા સેક્ટર 8નો 429, ITOનો 409, જહાંગીરપુરીનો 401, મુંડકાનું 409, નેહરુ નગરનો 425, ઓખલા ફેઝ 2નું 422, પટપડગંજનો 415, પંજાબી બાગનો 418, આરકે પુરમનો 447, રોહિણીનો 401, વઝીરપુરનો 406, સિરીફોર્ટ અને વિવેક વિહારનો AQI 442 નોંધાયો હતો. આ હવા શ્વાસ લેવા માટે યોગ્ય નથી. આવી પ્રદૂષિત હવાના કારણે દિલ્હી છોડીને અનેક વિદેશીઓ તેમનો પ્રવાસ ટૂંકાવીને પરત ફરી ગયા હતાં. આ પ્રદૂષણ અટકાવવા માટે આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ સિવાય, દિલ્હીમાં ટ્રકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સરકારી આદેશ અનુસાર, બધા વહીવટી સચિવો અને વિભાગના વડાઓ નિયમિતપણે ઓફિસમાં હાજર રહેવાનું પરંતુ સ્ટાફની હાજરી 50% થી વધુ નહીં હોય તેમ કહી દેવામાં આવ્યું હતું. શિક્ષણ નિયામકમંડળે નિર્દેશ આપ્યો છે કે, ધોરણ 9 અને 11 ના વિદ્યાર્થીઓ માટે હાઇબ્રિડ મોડમાં વર્ગો ચલાવવામાં આવે તેવી સૂચના આપી દેવામાં આવી હતી. તેનો સીધો અર્થ એ હતો કે સરકારી કચેરીઓમાં 50 ટકા વર્કફ્રોમ હોમ જાહેર કરી દેવાયું હતું અને શાળાઓમાં પણ ઓફલાઇન શિક્ષણ બંધ કરાવી દેવાયું હતું. આ એવા ઉપાયો છે જે હાથવગા છે અને ત્યાંની સરકાર પ્રદૂષણ ડામવા માટે નહીં પરંતુ દેખાડો કરવા માટે આ કામગીરી કરી રહી હતી. દર વર્ષે દિલ્હીમાં આ સ્થિતિનું નિર્માણ થાય છે અને દર વર્ષે પંજાબના ખેડૂતોને તેના માટે જવાબદાર ગણીને જેલમાં પૂરી દેવામાં આવે છે. પંજાબના ખેડૂતો પરાળી આજકાલની નહીં રાજા રજવાડાના સમયથી સળગાવે છે પરંતુ ક્યારેય દિલ્હીમાં આટલું પ્રદૂષણ જોવા નથી મળ્યું. ખરેખર તો સરકારે પ્રદૂષણ થવાના કારણો શોધવા માટે લાંબાગાળાની કવાયત શરૂ કરી દેવી જોઇએ પરંતુ તે ક્યારેય કરવામાં આવતું નથી. દિલ્હીમાં આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ ત્રણે ત્રણ પક્ષની સરકાર રહી ચૂકી છે પરંતુ પ્રદૂષણ અટકાવવામાં એક પણ સરકાર સફળ થઇ નથી. ગત વર્ષે, સ્વિટ્ઝર્લેન્ડસ્થિત એર ક્વોલિટી ઇન્ડેક્સ મોનિટરિંગ ગ્રૂપ, IQAir દ્વારા જાહેર કરાયેલી યાદીમાં દિલ્હીને વિશ્વનું સૌથી પ્રદૂષિત પાટનગર ગણાવ્યું હતું. દિલ્હી શહેરનું વાર્ષિક સરેરાશ પાર્ટિક્યુલેટ મેટર (PM2.5)નું કોન્સન્ટ્રેશન 108.3 µg/m³ હતું. આ પ્રમાણ વર્લ્ડ આરોગ્ય સંગઠન (WHO) ની માર્ગદર્શિકા 5 µg/m³ કરતાં 21 ગણું હતું. AQI આસપાસની હવામાં રહેલા પ્રદૂષકોનું માપ કાઢે છે. આ ઇન્ડેક્સ 0થી 500ની રેન્જમાં હોય છે. તેમજ જો પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી જાય તો આ રેન્જ 500 કરતાં વધુ પહોંચી જાય છે. યુનિવર્સિટી ઓફ શિકાગો ખાતે એનર્જી પોલિસી ઇન્સ્ટિટ્યૂટના (EPIC) ઓગસ્ટ, 2025ના રિપોર્ટ અનુસાર, પાર્ટિક્યુલેટ પ્રદૂષણનો વધુ સ્તર દિલ્હીના રહેવાસીઓનું અપેક્ષિત આયુષ્ય 8.2 વર્ષ સુધી ઘટાડતો હોવાનો અંદાજ છે. પ્રદૂષણની સમસ્યા એ માત્ર દિલ્હી માટે જ નહીં, પરંતુ દક્ષિણ એશિયાના અન્ય સ્થળો માટે પણ ચિંતાજનક છે. EPIC અનુસાર એ સ્થળો વિશ્વમાં સૌથી પ્રદૂષિત ક્ષેત્રોમાં સામેલ છે. બાંગ્લાદેશ વિશ્વનો બીજો સૌથી વધુ પ્રદૂષિત દેશ છે. ઢાકામાં WHOની મર્યાદા કરતાં PM2.5નું સ્તર 15 ગણું વધુ નોંધાયું છે. IQAirના ડેટા પ્રમાણે, પાકિસ્તાનના લાહોરમાં આ લેવલ 20 ગણું નોંધાયું છે.

# કથા કલાકારોની, એમનાં શબ્દોમાં....





સંપાદનઃ નરેશ શુક્લ

આઝાદીની લડત સમયે સૌરાષ્ટ્રના સિંહ તરીકે જાણીતા થયેલા અમૃતલાલ દલપતભાઈ શેઠ અને રૂક્મણીબેન શેઠના ઘરે 17 ડિસેમ્બર 1915ના દિવસે લખતરમાં લાભુબેનનો જન્મ થયો હતો. અમૃતલાલે રાણપુરથી સૌરાષ્ટ્ર નામનું સાપ્તાહિક શરું કર્યું હતું. સત્યાગ્રહી પિતાના સંસ્કારે બાળવયથી જ લાભુબેનનો ઉછેર થયો એટલે સ્વાભાવિક જ જોશ અને શૌર્ય ઉમેરાયાં. એમના જીવન વિશે વિગતે સંપાદકે લેખ કર્યો છે. એમાંથી એમની જીવનદૃષ્ટિ, જીવનસંઘર્ષ અને એમનું સાક્ષર વ્યક્તિત્વ ઉભરી આવે છે. મોહનભાઈ (લાભુબેનના પતિ) સોપાન. જન્મભૂમિના એક વિભાગના તંત્રી તરીકે કામગીરી કરે. એમાં બહેનોને લગતી સંસારચક્ર નામની કોલમ સંભાળતા. - એ ઘણું લોકપ્રિય થયું. બહેનો પત્રો લખીને એમને મૂંઝવતા પ્રશ્નો જણાવતી. લાભુબેન એમને હિંમત અને માર્ગદર્શન આપતાં. એ પ્રશ્નોને વણી લેતા લેખો લખતાં. લગ્નજીવન, કુટુંબજીવન અને સમાજજીવનનાં સુંદર પાસાંઓનું દર્શન કરવાવતાં. (પૃ.8) એમ કહીને સંપાદીકા પોતાના માતા-પિતાનાં મધુર દાંપત્યની કથા વિગતે કહે છે. આઝાદીકાળે કમલ વડે પોતાનું પ્રદાન આપનાર આ બેલડીનો પુરુષાર્થ અંકિત થયેલો છે. આ પુસ્તક લાભુબેને લીધેલી વિવિધ મુલાકાતોનો સંગ્રહ છે. કલાકારોની મુલાકાતોમાં કલા વિશેની એમની માન્યતાઓ, વિચારો પ્રગટવાની સાથોસાથ એમના જીવનની ઝાંખી પણ થાય છે. કુલ 28 મુલાકાતો સમાવાઈ છે. સમગ્ર ભારતનું પ્રતિનિધિત્વ એમાં પ્રગટી આવ્યું છે. પહેલા તો સીધું લિસ્ટ જોઈએ તો પણ ગ્રંથનું મુલ્ય સીધું જ ઉભરી આવે એમ છે. જેમ કે, ગુજરાતનાં એ ગાળાના મોટા કલાકારોમાં જોઈએ તો જયશંકર સુંદરી (નાટક) રવિશંકર રાવળ (ચિત્રકલા) પંડિત ઓમકારનાથજી (ગાયન) હોય કે લોકગીતનાં ખાં ગણાયેલાં ભક્તકવિ દુલા કાગ હોય. વિનોદ મોદી(ફોટોગ્રાફી) જેવા નામો તરત નજરે ચડે છે. તો ભારત અને વિશ્વભરમાં ખ્યાત થયેલાં કે.કે. હેબ્બર (ચિત્રકલા) જ્યોત્સના ભોળે (નાટ્યસંગીત) બિસ્મિલ્લાખાં (શરણાઈ), નિખિલ ઘોષ (તબલાં), પંડિત રવિશંકર, સવિતા નાનજી, સિતારાદેવી, પંડિત જસરાજજી, દમયંતી જોશી, શિવકુમાર શર્મા (સંતૂર) રોશનકુમારી (કથકનૃત્ય), અંજનીબાઈ માલપેકર(ગાયન) શિલ્પી કરમાકર(શિલ્પકલા), બડે ગુલામઅલીખાં (ગાયન) જેવા એક એકથી ચડીયાતાં એવા કલાકારોની મુલાકાતો રોમાંચક કરી મુકે એવી છે. સાવ નાનકડો પ્રશ્ન અને સામેના કલાકારને ભરપૂર બોલવા દઈને આપણી સામે એમનાં અંતરંગને, એમના જીવનને, એમની મથામણો, સંઘર્ષો, એમની સફળતાઓના વિશેષોથી માંડીને જીવનના ઉતાર-ચડાવો અહીં મળી આવે છે. એના કારણે સમગ્ર ગ્રંથમાંથી વાચક સડસડાટ ગતિએ પસાર થવા સાથે વિતી ગયેલા સમયનું ચિત્ર તો પામે જ છે સમાન્તરે સાહિત્ય, કલાનો અને કલાકારનો સંબંધ પણ અસરકારક રીતે ઉભરી આવે છે.

સુપ્રસિદ્ધ ગાયિકા અંજનીબાઈ માલપેકરના આ વાક્યો જૂઓ- આઠ વર્ષની ઉંમરે સંગીત શીખાનું શરૂ કર્યું. ગાવાનું તો ચારપાંચ વર્ષથી જ શરૂ કરી દીધેલું. નવીવાડીમાં અમે રહેતાં અને ત્યાંની મિશન સ્કૂલમાં હું ને મારી નાની બેન ભણવા જતાં ત્યારે વર્ગમાં કવિતા ગાતાં. દર વરસે કવિતામાં ઈનામ અમે બંને બહેનો જ મેળવી લેતાં. શાળાનો પ્રિન્સિપાલ અંગ્રેજ હતો. તે તો બેનની કવિતા સાંભળી તેને ખભે બેસાડીને નાચતો, શાળામાં અમે બહુ લાડકાં હતાં. ઘરમાં તો હતાં, પણ બહાર બધે જ અમને બહુ લાડ મળતાં.(પૃ.5)

તો ગાયકીની સમજ આ રીતે પ્રગટાવી છે- સંગીતમાં મોટા ભાગનાં ગીતો વ્રજ ભાષામાં હોય છે. કેટલીક ચીજોમાં અરબી અને ઉર્દૂ શબ્દો હોય છે. જો એ ચીજો પૂરેપૂરી સમજાય નહીં તો એ રાગ આપણાં કંઠમાંથી બરાબર નીકળી ન શકે. એ માટે હું ઉર્દૂ શીખી. સંગીતમાં બીજી પણ કેટલીક બાબતનું ધ્યાન રાખવાનું હોય છે. એ બધાંમાં પ્રવીણ થઈએ ત્યારે ગવૈયા બની શકાય છે. (1) ચહેરા પર રાગની




અસર (2) મોં બર શબ્દના ભાવો, (3) બીજાનું મન સૂરથી પોતાની પાસે ખેંચવું, (4) ગીતના શબ્દો ખુલ્લા ક્યાં રાખવા, બંધ ક્યાં રાખવા. આ બધું જ્ઞાન ગવૈયાને હોવું જોઈએ. મને મારા ગુરુ પહેલાં રાગનું શાસ્ત્ર શીખવતા ને પછી રાગ શીખવતા. એટલે જ આજે સંગીત છોડ્યાને મને 40 વર્ષ થઈ ગયાં, છતાં એ વિશે હું ચોવીસ કલાક બોલી શકું તેમ છું. (પૃ. 6)

તો સુપ્રસિદ્ધ ચિત્રકાર રવિશંકર રાવળની મુલાકાત વાંચીએ ત્યારે એમની કલાસમજ અને માનવીય ઊંચાઈનો અનુભવ થાય છે. પહેલા એમના વિશે લાભુબેન લખે છે એ જોઈએ- મારો હેતુ તો એક ચિત્રકાર, કલાકાર, કલાગુરુ તરીકે એમનાં જીવન, અભ્યાસ અને સાધનાની માહિતી મેળવી વાચકો પાસે ધરવાનો હતો એટલે મેં એ રીતે એમની પાસેથી જવાબો મેળવવાનું કાર્ય હાથ ધર્યું. (પૃ.72) પછી જે મુલાકાત છે એ ખરેખર મજાની છે. તેઓના મોર્ડન આર્ટ વિશેના વિચારો જૂઓ- મોર્ડન આર્ટ આજના યુરોપની જીવન પરિસ્થિતિમાંથી ઉદ્ભવી છે. તેઓ પુરાણી ભાવના અને વસ્તુમાં અશ્રદ્ધા સેવે છે. ટેકનોલોજીની શક્તિઓથી પ્રભાવિત થયેલા ચિત્રકારોએ આ નવો ચીલો ઊભો કર્યો છે. મને તો લાગે છે કે આ મનઃસ્થિતિ પાછળ એમના જીવનનો અસંતોષ કે વિગ્રહ કારણભૂત હશે. પણ એવી જ પરિસ્થિતિ ભારતમાં છે એમ કહી ન શકાય. જો કે આજે આપણા આદર્શમાં ફેર પડ્યો છે. આજ સુધીની કલા સમાજની ભાવનામાંથી જન્મતી હતી. હવે કલામાં વ્યક્તિવાદ વધ્યો છે. (પૃ. 79) તો પંડિત જસરાજજીની મુલાકાતનો આ અંશ પણ જોવા જેવો છે. પિતાજી પણ જાણીતાં સંગતજ્ઞ. એ પ્રસંગ જોવા જોઈએ- પિતાને હૈદરાબાદમાં આવ્યાને 3- 4 મહિના થયા ત્યાં નિઝામની રાજગાદીએ બેસવાની જ્યુબિલી ઉજવવાનો પ્રસંગ આવ્યો. તે વખતે કિસનપ્રસાદે નિઝામને કહ્યું કે તેમે ઘણાં વરસો સંગીતને બહાર રાખ્યું છે, હવે આ જ્યુબિલી જેવા પ્રસંગે એને ફરી પાછું દરબારમાં પ્રસ્થાપિત કરો...ઠીક ચાચા, તમે કહો છો તો આપણે એમ કરીશું. નિઝામ એમના દીવાન કિશનપ્રસાદને ચાચા કહેતા અને વડીલ હોય એવું માન રાખતા. નિઝામે વડીલની આજ્ઞા માન્ય રાખીને જાહેર કર્યું કે જ્યુબિલીના ઉત્સવના દિને સાંજે ચાર વાગે કિંગકોઠીમાં સંગીતનો જલસો થશે. એ વખતે પંડિત મોતીરામનું સન્માન કરવામાં આવશે. નિઝામ પોતે પંડિતને દસ્તાર (પાઘડી) પહેરાવશે ને પોશાકની ભેટ આપશે. માન મળવાનું હતું સાંજે ચાર વાગે ને તે જ દિવસે સવારે અગિયાર વાગે પિતાનું અવસાન થયું. (પૃ.301)

કેવા અકસ્માતે વિનોદ મોદી ફોટોગ્રાફી તરફ વળ્યા એ એમની કેફિયતમાં પ્રગટી છે- 1949માં હું એલ્ફિન્સ્ટન કૉલેજમાં ઈન્ટરમાં એટલે કે બીજા વર્ષમાં ભણતો હતો. એ વખતે મોટે ભાગે પ્રોફેસરોની શિથિલતાને લીધે અમને ફ્રી પિરિયડો બહુ મળતા. કૉલેજની સામે જ જહાંગીર આર્ટ ગેલેરી, એટલે કે એ વખતે હું ત્યાં ઊપડી જતો ને ચિત્રોનાં પ્રદર્શનો જોયા કરતો. ગેલેરીમાં જવાની મને ટેવ પડી ગઈ હોય તેવું બની ગયેલું. એ રીતે એટોક વખત ત્યાં જઈને ભારદ્વાજનું ફોટોગ્રાફી પ્રદર્શન હું જોતો હતો. ફોટોની કલા કે મિકેનિઝમ વિશે મને કશું જ જ્ઞાન નહોતું. હું તો માત્ર એક બેજવાબદાર કૉલેજીયનની અદાથી એક ફોટો સામે ઊભો રહી મનમાં આવે તે રીતે ફોટની ટીકા કર્યા કરતો હતો... મારી પાછળ ઊભા રહી ભારદ્વાજ એ બધું શાંત ચિત્તે સાંભળતા હતા. મને તે ખબર નહિ. આવી ટીકા સાંભળ્યા પછી ગુસ્સે થવાને બદલે સ્નેહથી એમણે મારા ખભા પર હાથ મૂક્યો ને કહ્યુઃ તમને ફોટોગ્રાફીમાં આટલો બધો રસ છે તો પછી મારા સ્ટુડિયોમાં કેમ નથી આવતાં...તેઓ મને એમની સાથે સ્ટુડિયોમાં લઈ ગયા ને મારી સમક્ષ ફોટાઓની ફાઈલોના ઢગલા મૂકી દીધા. એમાં કેટલાય ઈનામ જીતના ફોટાઓ હતા. તો કેટલાક અમુક થીમ પર લીધા હોય તેવા પણ હતા, તે બધાં મેં નિરાંતે જોયા ને પછી પણ જ્યાં સુધી એ પ્રદર્શન ચાલુ રહ્યું ત્યાં સુધી રોજ આર્ટ ગેલેરીમાં જવા લાગ્યો. ફોટોગ્રાફી શીખવા માટે કેમેરો ખરીદવાની મારી આર્થિક સ્થિતિ નહોતી. સામાન્ય કેમેરા ખરીદી શકું તેમ હતો પણ મારે ઉત્તમ પ્રકારનો જ ખરીદવો હતો. ને તેને માટે અભ્યાસના બજેટમાં જગા નહોતી.... (પૃ.286)


આ ગ્રંથમાં વૈવિધ્યસભર કલાઓમાં અગ્રણી થેયલાં કેટલાય કલાકારોના જીવનપ્રસંગો સમાવાયા છે, એ વાંચવાથી જે રોમાંચક અનુભવ થાય છે તે આ ગ્રંથને અત્યંત મૂલ્યવાન તો બનાવે જ છે સમાન્તરે એમાંથી નવી પેઢીને પ્રેરણા મળી રહે તેમ હોવાથી આ ગ્રંથ સૌ કોઈને વાંચવા માટે ખાસ ભલામણ કરવાનું મન થાય છે. સાથાસાથ એ પણ ઉમેરી લઉં કે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આ ગ્રંથો પર પચાસ ટકા જેટલું વળતર પણ આપતી હોય છે. તેથી સૌ કોઈને પરવડે એવા ભાવમાં પોતાનું ગ્રંથાલય સજ્જ કરવાની સગવડ પણ આપે છે.

**(કલા અને કલાકાર- લાભુબેન મહેતા, સં. વર્ષા દાસ, પ્ર.આ. 2015, પ્રકા. મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર, સેકટર-17, ગાંધીનગર-382017, કુલ પૃ.344, કિં. 220.00 રૂ. પાકું પૂંઠું, ડેમિ)**

# ચાર ચાર દાયકાથી ચર્ચામાં રહેલા ચર્ચાપત્રી...

વર્તમાનપત્રોમાં ચર્ચાપત્રો છપાય ને એના દ્વારા સામાન્યજનો પણ ચર્ચા- વિચારણામાં જોડાય એવો એક જમાનો હતો. ચર્ચાપત્રોની ખરા અર્થમાં ચર્ચા થતી. લોકોમાં ઉત્સુકતા રહેતી અને એ જ કારણે અનેક શહેરોમાં ચર્ચાપત્રી સંઘ પણ સ્થાપવામાં આવ્યા હતા. આજે પણ સુરત જેવા શહેરમાં સક્રિય ચર્ચાપત્રી સંઘ અસ્તિત્વમાં છે, સક્રિય પણ છે. ગુજરાતમિત્રમાં એની સુદીર્ઘ એવી પરંપરા રહી છે. પત્રકારોની નજર સ્વાભાવિક જ સમાજનાં વ્યાપક એવા પ્રશ્નો, સમસ્યાઓ, નાવિન્ય અને આકસ્મિક ઘટનાઓને વ્યાપક સમાજસુધી પહોંચાડતી હોય છે. તંત્રીઓના લેખોમાં વિશિષ્ટ એવી લાઈન પ્રગટ થતી હોય એવું બનતું. એનાથી જનમત ઘડતરમાં પરિમાણો ઉમેરાતાં હોય છે. એટલે જ લોકશાહીના ચોથા સ્થંભ તરીકેનું ગૌરવભર્યું સ્થાન વર્તમાનપત્રો અને સામયિકોનું રહ્યું છે. સમુહચિંતનનું એક મોટું, અસરકારક અને વ્યાપકક્ષેત્રોને આવરી લેતું સ્વાયત એવું તંત્ર છે. આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા દોઢસો-બસો વર્ષમાં ભારતીય ઈતિહાસ, ભારતીય લોકતંત્ર અને ભારતીય સામાજિક ક્રાંતિ સર્જાઈ એમાં સામયિકો અને વર્તમાનપત્રોનો બહુ મોટો ફાળો છે. એ અવગણી શકાય એમ નથી. એમાં એક વિશિષ્ટ પાસુ છે જાગૃત એવા નાગરિકો દ્વારા લખાતાં ચર્ચાપત્રો. આ ચર્ચાપત્રો કોઈપણ ક્ષેત્રના અને કોઈપણ પ્રશ્નોને ટારગેટ કરીને લખવાની મોકળાશ હોવા સાથે સરેરાશ વાચકને બહોળા માધ્યમ વડે વ્યાપક એવા ફલક પર વિચારો વ્યક્ત કરવાનો મંચ બનતું રહ્યું છે. એમાં વૈયક્તિક છાપ હોવા સાથે નિર્ભિક એવી રજૂઆત અને સચ્ચાઈભરી અપીલ ઉમેરાતી હોવાથી ચર્ચાપત્રો આગવી છાપ જન્માવતા હોય છે.

દક્ષિણ ગુજરાત વિસ્તારમાં જ નહીં રાજ્યફલક પર સાતત્યસભર રીતે ચર્ચાપત્રો લખીને પોતાનું કર્તવ્ય બજાવનારા રાયસંગભાઈ વળવીનું નામ જાણીતું છે. એમણે ચાર-ચાર દાયકા સુધી જાગૃત નાગરિક તરીકેની ફરજ તો બજાવી જ પણ સમાન્તરે આદિવાસી અને છેવાડે વસતાં સાવ સામાન્ય નાગરિકોનાં પ્રશ્નોને, સમસ્યાઓને વાચા પણ આપી છે. પોતાના સમૃદ્ધ વાચનશોખને પોષનારાં ગ્રંથો, કવિઓ, લેખકો વિશે પણ આ ચર્ચાપત્રીએ પ્રતિભાવરૂપ પત્રો લખ્યાં છે. એમનાં ચર્ચાપત્રોના વિષયો જોઈએ તો આંખો અચંબિત રહી જાય એવો પુરુષાર્થ એમનાં સંકલિત એવા આ ચર્ચાપત્રોમાંથી પ્રગટી આવે છે. આ પુસ્તકમાં પાંચ પચાસ નહીં પૂરા 182 પત્રો સમાવાયા છે. વિશેષતા એ છે કે માત્ર સમસ્યાઓનું વર્ણન કે બળાપો જ આ પત્રોમાં વ્યક્ત નથી થયો, જે રચનાત્મક છે, હકારાત્મક છે, સમાજ માટે દૃષ્ટાંતરૂપ ઘટનાઓ કે બનાવો બન્યા તેનો હર્ષભેર ઉલ્લેખ કરતાં પત્રો પણ નિયમિતરૂપે મળે છે. જૂઓ વિષય વૈવિધ્યનો વ્યાપ- ધરમપુર તાલુકાના ભવાડાની અનેક સમસ્યા હલ કરો, હુકમનો એક્કો પ્રજાના હાથમાં, કુદરતનું સાન્નિધ્ય અને માનવ, આજના નેતા લેતા થઈ ગયા છે જેવો નેતાઓની ભ્રષ્ટ રસમને ઉજાગર કરે તો સામે - લોકસેવક મહેન્દ્ર મશરૂને લાખો સલામ, પુસ્તક વિનાનું ઘર, ઘર નથી., દીપાવલીના દીવડાને ઘરૈયાનું




અનેરું નૃત્ય, સ્ત્રીની દશા-અવદશાનું પ્રતિબિંબ, વિસરાયેલાં પ્રકૃતિનાં પરમતત્ત્વો, પુસ્તકો અને યુવા પેઢી, જીવન અને શબ્દો જોડાજોડ, સંત અને સમાજ, સંવેદનાનું શહેર, કુમળું ઝાડ વાળીએ તેમ વળે, દારુનું દૈત્ય, સુખનાં મૃગજળ, શ્રમ નહીં ને આશ્રમ ખોલી બેસવું શું યોગ્ય છે ?, સાધુ વેશ વિનાના સન્યાસી...સ્વામી આનંદ, શ્રદ્ધા વગરનું શ્રાદ્ધ નકામું, મૃત્યુઃ વિસ્મયકારક ઘટના, ભાઈ-બહેન પરિવાર સ્નેહ- સંબંધના પરિવર્તનનો સમય શરૂ થઈ ચૂક્યો છે, તમાશાને તેડું ન હોય- એવા તો અનેક વિષયો છે જેની ચર્ચા રાયસંગભાઈ વળવીએ જગવી છે. આ માત્ર વૈયક્તિક જાગૃતિનો પ્રયત્ન નથી, સમુહચેતનાને ઝંઝેડવા માટેની સાતત્યભરી મથામણ એમનાં પત્રોમાં અભિવ્યક્ત થઈ છે. સમાન્તરે એમનો માનવમૂલ્યોમાં રહેલો વિશ્વાસ પણ લખાણોમાં પ્રગટ્યો છે. એક આકસ્મિક ઘટનાએ જે સ્પાર્ક જન્માવ્યો તેને સંકોરવામાં વર્તમાનપત્રોએ પણ એવો જ સાથ આપ્યો. પરિણામે જીવનબળની જેમ ચર્ચપત્રો લખતા રહેલાં શ્રી વળવીને સલામ કરવાનું સ્વાભાવિક જ મન થાય. આ પુસ્તકનું સંપાદન કરનારાં સંપાદકોએ વિગતે રાયસંગભાઈનો પરિચય લખ્યો છે. સામાન્ય ઘરમાં જન્મીને બધા જ પ્રકારની મુશ્કેલીઓ વેઠીને ઊભા થયેલાં આ ચર્ચાપત્રીનું જીવન અનેકોના જીવનને રોશની આપે એવું છે.

એ પરિચયમાંથી કેટલાક અંશ ટાંકવાનું જરૂરી લાગે છે- 'એમણે ધરમપુર નજીક આવેલી લૅધર ફૅક્ટરીમાં કામ કર્યું, પરિણામે કામદારોની વિપદાઓ નજરોનજર જોઈ, જાણી અને પોતે અનુભવી. અહીં સંપાદિત પહેલો ચર્ચાપત્ર કામદારોની દુર્દશામાં લેખકે કાપડની કંપનીમાં કામદારોની થયેલી દુર્દશાનું ચિત્ર વેધક રીતે આલેખી, સરકાર-અધિકારીઓની સ્થિતિ-ગતિને પણ રજૂ કરી છે. ચર્ચાપત્રી આદિવાસી સમુદાયમાંથી આવે છે તેમજ આદિવાસી બહેનો જંગલમાંથી કે પોતાના વિસ્તારમાંથી લાકડાં કાપીને બજાર-શહેરમાં વેચી પોતાનું ઘર-કુટુંબ ચલાવે છે, તે તો એમણે વારંવાર નજરોનજર જોયું છે. ખાખી વર્દીનો રૂઆબ આદિવાસી, ગરીબ બહેનોને કેવી રીતે કનડગતરૂપ નીવડે છે, તેનું નિરૂપણ લાકડાં વેચનારી મહિલા ઉપર થયેલ અમાનુષી અત્યાચાર-નામે બીજા ચર્ચાપત્રમાં થયું છે.'...આ રીતે રાયસંગભાઈએ પોતાની આસપાસનાં સ્થાનિક પ્રશ્નોથી આરંભ કરીને ક્રમશઃ વ્યાપક સમાજને સ્પર્શતા મુદ્દાઓ વિશે ચર્ચાપત્રો લખ્યાં છે. એટલે જ દમણગંગા વર્તમાનપત્રના નિવાસી તંત્રી લખે છે- 'વિવિધ માધ્યમોમાં પત્રલેખક તરીકે પોતાની જાતને અને પોતાના વિચારોને અભિવ્યક્ત કરતાં પત્રલેખકો, ચર્ચાપત્રીનું વિશ્વ પણ સમજવા જેવું છે. તેમનું ભાવજગત, વિચારજગત અને તેમની સમાજ પ્રત્યેની સંવેદનશીલતા અને જવાબદારી દર્શાવે છે. ક્યારેક આવા પત્રલેખકોને ઘણાં પ્રસિદ્ધિ ભૂખ્યા તરીકે પણ ઉતારી પાડે છે, પરંતુ હકીકતમાં તેઓ સ્વસ્થ સમાજ અને લોકશાહી મૂલ્યોનાં સંવર્ધન અને જતનનું ખિસકોલી કાર્ય તો કરે જ છે અને ગુજરાતના અખબારી ઈતિહાસ કે પત્રકારત્વના અભ્યાસમાં પણ એનું મૂલ્ય રહેલું છે.'(પૃ. 32) આ ઉપરાન્ત આ જ વિસ્તારના વતની એવા પ્રો. પ્રભુ ચૌધરીએ પણ રાયસિંગભાઈ વિશે ઉલટભેર લેખ કર્યો છે. એ લખે છે- 'રાયસિંગભાઈના આ ચર્ચાપત્રો ભલે નાના કે ટૂંકા હોય, પણ એમાં એમણે તત્કાલીન સમાજ અને એની સમસ્યા, ન્યાય-અન્યાય, પ્રસંશા કે બિરદાવલી રજૂ કરી છે. કેટલાક ચર્ચાપત્રોમાં તેમણે સરકાર સામે કે બનાવટ કરનારા લોકો સામે આક્રોશ ઠાલવ્યો છે, તો કેટલાકમાં લોકસમાજ માટે ચિંતા અને ચિંતન રજૂ કર્યા છે. એમણે જેવુ આવડ્યું એવું લખ્યું છે અને તે પણ છેક 1978થી એ જ મોટી વાત છે. એ ભલે સાહિત્યકાર નથી પણ એમની ભાષા અને શૈલી સાહિત્યકાર જેવી છે. હા, એ ઘણાં લેખોમાં લપસ્યા પણ છે, ને છતાંય વસ્તુને પકડી બતાવી છે.એવું કાર્ય કરનારા એ વખતના સમાજમાં કેટલા હતાં...?'(પૃ.193)

**(રાયસિંગ વળવીના ચર્ચાપત્રો(ચર્ચાપત્રોનું સંપાદન) સં. પ્રા. ડૉ. અરવિંદ પટેલ, પ્રા. ડૉ. સુધા પટેલ, પ્ર.આ.2025. પ્રકા. એવિન્સપબ પબ્લિશિંગ, શિવમ્ કૉમ્પ્લેક્સ, કોની, વિલાસપુર, છત્તીસગઢ-49009, કુલ પાનાં- 193, કિં. 300.00, કાચું પૂંઠું, ડેમિ)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સાહિત્યનું સેવન કરો અને જિંદગીની મઝા માણો

સાહિત્ય આપણા જીવનનું મઘમઘતું ફૂલ છે. સાહિત્યમાં ગદ્ય-પદ્ય, નિબંધ-ચિંતન વગેરે આવી જાય છે. સાહિત્યનાં આ સ્વરૂપો એટલાં સુંદર હોય છે કે જે આપણા હૃદયને હરિયાળું બનાવે છે. ક્યારેક કોઇ વાર્તા વાંચ્યા પછી આપણા જીવનનો માર્ગ બદલાઇ જાય છે તો ક્યારેક નવા માર્ગ પર ફૂલો ઉગાડીને તેની વાડી બનાવવાની ઈચ્છા થાય છે. વિજ્ઞાન માટેની કટાર વાંચીને અંધશ્રધ્ધા પણ દૂર થાય છે અને એનાથી મુક્ત થયા પછી જીવવાની મઝા આવે છે. દરેક ભાષાનું સાહિત્ય આપણને કંઈક ને કંઈક શીખવે જ છે. સંસ્કૃત ભાષાનાં સુભાષિતોમાં જીવનનું બધું ડહાપણ ભરેલું છે. તે સજ્જનોની મૈત્રી કરવાનું અને દુર્જનોથી દૂર રહેવાની ટકોર કરે છે. હિન્દી સાહિત્યની વાર્તા સજ્જનોની મૈત્રી કરવાનું અને દુર્જનોથી દૂર રહેવાની ટકોર કરે છે. હિન્દી સાહિત્યની વાર્તા વાંચતાં બીજાં શહેરોની જીવનશૈલી ત્યાંના સંસ્કાર જાણવા મળે છે. પહાડની વાત વાંચી એનું શિખરસૌંદર્ય જોઇ એને જાણે બાળક મન વાત કરવાની ઈચ્છા કરે છે. સાહિત્યકારોને આપણે બિરદાવીને એમનું ઋણ ચૂકવવું જોઇએ. આપણે પણ સાહિત્યનું રસપાન કરતાં કરતાં કદાચ સાહિત્યકાર બની શકીએ ત્યારે તો મઝાની વાત જ ન પૂછો.

**રાંદેર રોડ, સુરત- રેખા ન. પટેલ**

## હિન્દુઓના રક્ષણ માટે ભારત સરકાર કાર્યવાહી કરે તે જરૂરી

બાંગ્લાદેશમાં જ્યારથી યુનુસ સરકાર સત્તા પર આવી છે ત્યારથી અલ્પ સંખ્યક હિન્દુઓની કત્લેઆમ કરવાની શરૂઆત થઈ છે છતાં ભારત કોઈપણ અક્ષર ઉચ્ચાર્યા વિના મૂક પ્રેશક બની તમાશો જોઈ રહ્યું છે. ભારતના મુસ્લિમોની પાકિસ્તાન ફીકર કરે છે ભારત તેવી ફીકર પાકિસ્તાન કે બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓની કરતું નથી અને પોતે હિન્દુ તરફી હોવાનો દાવો કરે છે! 19-12-2025 ના tv9 ના સમાચાર મુજબ બાંગ્લાદેશમાં હિન્દુઓની કત્લેઆમ કરવાની શરૂઆત થઈ ચૂકી છે. જો ભારત હસ્તક્ષેપ નહીં કરે તો પાકિસ્તાનમાં જેવી રીતે હિન્દુઓની કત્લેઆમ કરી હતી અને બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવ્યું હતું તેવી જ રીતે હિન્દુઓને નામષેશ કરવા બાંગ્લાદેશ મરણીયું થયું છે. ભારતમાં બાંગ્લાદેશી રોહીંગ્યા મુસ્લિમો ગેરકાયદે વસી શકે છે તો પછી ઈઝરાઈલની જેમ ભારત પણ જે દેશમાં હિન્દુઓની વસ્તીને રંજાડવામાં આવે છે તેવા લોકોને ભારતમાં કેમ આશરો આપવાની જાહેરાત કરતા નથી? જો એમ ના થઈ શકે તો બાંગ્લાદેશની શાન ઠેકાણે લાવવા લશ્કરી પગલા ભરવા જરૂરી છે. જેવી રીતે પાકિસ્તાનથી બાંગ્લાદેશને અલગ કર્યું હતું તેવી જ રીતે હિન્દુઓને માટે બાંગ્લાદેશમાં અલગ રાજ્ય બનાવવું જરૂરી છે.

**સુરત - વિજય તુઈવાલા**

## મંદિરોમાં વીઆઈપી દર્શન અંગે સુપ્રીમ કોર્ટ

આપણા દેશનાં ઘણાં બધાં મંદિરોમાં વીઆઈપી વ્યક્તિઓ માટે ભગવાનનાં દર્શન અંગેની અલગ વ્યવસ્થા કરવામાં આવે છે. આ અંગે મંદિરના વ્યવસ્થાપકો દ્વારા નક્કી કરેલી ફી પણ વસૂલવામાં આવે છે. ભગવાનનાં દર્શન માટે પણ અમીર અને ગરીબ ભક્ત એવો ભેદ પાડવામાં આવે તે બિલકુલ બરાબર નથી. સુપ્રીમ કોર્ટે આ અંગે જણાવ્યું કે વીઆઈપી માટે આ પ્રકારની ખાસ વ્યવસ્થા એ મનસ્વી વ્યવસ્થા છે. સુપ્રીમ કોર્ટે પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું કે મંદિરોમાં ભગવાનનાં દર્શન માટે પ્રવેશ અંગે કોઈ ખાસ અલાયદી વ્યવસ્થા હોવી જોઈએ નહીં. આપણા દેશમાં ધાર્મિક સ્થળોએ તહેવારના પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવે છે. ભક્તોની સલામતીની પૂરતી વ્યવસ્થાના અભાવે મંદિરમાં ભાગદોડ મચી જતી હોય છે. વ્યવસ્થાના અભાવે અનેક ભક્તો મૃત્યુ પામે છે અને કેટલાંક ગંભીર રીતે ઘાયલ પણ થાય છે. કોઈ પણ મંદિરમાં વીઆઈપી દર્શન માટે ફી લઈને જે વ્યવસ્થા કરવામાં આવે છે તેના પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની જરૂર છે. કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર નિર્ણય લેવામાં આવશે કે કેમ એ મોટો પ્રશ્ન છે. આ પ્રકારની અલાયદી વ્યવસ્થા એ ભારતના બંધારણમાં નાગરિકોને જે સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે તેનું છડેચોક ઉલ્લંઘન થાય છે. મંદિરોમાં વીઆઈપી દર્શનની વ્યવસ્થા હોવી જોઈએ કે નહીં એ ચર્ચાનો વિષય છે. વીઆઈપી દર્શન વ્યવસ્થાથી ભક્તોમાં ભેદભાવની લાગણી જન્મે છે જે યોગ્ય નથી.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## એ.આઇ. (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)

અમેરિકાની પ્રતિષ્ઠિત એમ.આઈ.ટી. ઈન્સ્ટીટ્યૂટના તાજેતરના સંશોધન અન્વયે એ.આઇ. (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ને કારણે 12 ટકા નોકરીઓ ઓછી થનાર છે. આપણા દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ડીપફેક અને આતંકવાદમાં એ.આઇ.નો ઉપયોગ માનવ માટે જોખમી છે. એ.આઇ.નો દુરુપયોગ ટાળવા માટે ગ્લોબલ એ.આઇ. કોમ્પેક્ટ બનાવવા અપીલ કરેલ હતી. તેમણે ક્રીટીકલ ટેક્નોલોજીને નાણાંકીય લાભનું સાધન બતાવવાના બદલે માનવકેન્દ્રિત રાખવા પર ભાર મૂક્યો હતો. વર્ષ 2019થી અત્યાર સુધી માત્ર દેશમાં ડીપફેક સાથે જોડાયેલા ગુનાઓમાં વિક્રમ એવા 550 ટકાનો વધારો થયેલ છે જેના કારણે 7000 કરોડ રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપરોક્ત વાતને આ વધેલી ગુનાખોરીને સમર્થન આપે છે. બલ્ગેરિયાના ભવિષ્ય નેતા બાબા વાંગાએ વર્ષ 2026 માટે કરેલી આગાહીઓમાં એ.આઇ. માણસ પર કાબૂ બહાર જતું રહેશે તેવી આગાહી કરેલ જે બાબતે જાગૃત રહેવાની જરૂર છે. એ.આઇ. બાબતની આવી આગાહી સામે શું આપણે એનું એ.આઇ. ન બનાવી શકીએ કે જે મનુષ્યને નબળો નહીં પણ સાચા અર્થમાં વધુ સમૃધ્ધ બતાવે. આપણો ઉદ્દેશ અબજો લોકોને વ્યવહારુ લાભ પહોંચાડવાનો હોવો જોઈએ. આ સીસ્ટમ હંમેશા માનવતાને આધીન જ રહેવી જોઈએ. આપણે એ.આઇ. પ્રત્યે એવા અભિગમની જરૂર છે જે માનવતાને ટેકો આપે. સર્જનાત્મકતાને પ્રોત્સાહન થાય અને આપણા પર્યાવરણનું રક્ષણ કરે. કોઇ પણ ટેક્નોલોજી કે એ.આઇ. કરતાં મનુષ્ય વધુ મહત્ત્વપૂર્ણ છે.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

## શિક્ષિત અંધ ભકતો

ઉચ્ચ શિક્ષિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોલેજના આચાર્ય કે શાળાના હેડમાસ્ટર મોટા મોટા કોર્પોરેટમાં સીઈઓ જેવા અતિ શિક્ષિત ધર્માંધ મંદિર, મસ્જિદ કે ગુરુદ્વારા આપણી અંધ ભક્તિથી જ ચાલે છે. આપણી અસાધ્ય બીમારીમાં કોઈ ભૂવો કે પુજારી તમોને માંદળિયા બાંધે એટલે તમારી બિમારી ઓર વકરશે. ભગવાનના વિકલ્પમાં ડોકટરો તમારી પડખે છે ભલે પછી મોંઘી કનસલ્ટીંગ ફી લેતી. ઉપરોકત ધર્માલયો, શિવાલયોના પુજારીઓ તમારા દાનથી એસી ગાડીઓમાં ફરે છે અને માલપુઆ આરોગે છે.

**અડાજણ – અનિલ શાહ**

## એક બાજુ વૃક્ષો વાવો અને બીજી બાજુ વૃક્ષો કાપો

શિક્ષણ સંસ્થા કે સરકારી સંસ્થા કે ખાનગી સંસ્થા - સમાજ દ્વારા વૃક્ષો વાવો અને શુધ્ધ ઓક્સિજન લેવો. વૃક્ષો વાવો ને વરસાદ લાવો. વૃક્ષો વાવો ને પ્રદૂષણથી બચો એવા નારા લગાડવામાં આવે છે. બીજી બાજુ નીચેનો દાખલો આપતો નવસારીમાં ગાંધી સ્મૃતિ ઓવરબ્રિજથી લઈને સિસોદ્રા સુધીના માર્ગ પર વર્ષો જૂનાં ઘટાદાર વૃક્ષો વિકાસના નામે કાપી નાંખવામાં આવ્યાં છે. મારો સીધો સવાલ છે કે એક તરફ સરકાર વૃક્ષો વાવી તેને ઉછેર કરવા પર ભાર આપી રહી છે ત્યાં બીજી તરફ ધડાધડ વૃક્ષો કાપવામાં આવે છે. આ કેવો વિરોધાભાસ છે?

**સુરત - મહેશ આઈ. ડોકટર**